## ગુજરાતના નવનિયુક્ત પદનામિત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતનું રાજભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરતા રાજ્યપાલશ્રી

તા. ૨૨/૦૭/૨૦૧૯, રાજભવન, ગાંધીનગર

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ ગાંધીનગર રાજભવન ખાતે આવી પહોંચેલા ગુજરાતના નવનિયુક્ત પદાનામિત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતનું ઉષ્માપૂર્વક સ્વાગત કર્યું હતું અને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીએ પણ આચાર્ય દેવવ્રતજીના ધર્મપત્ની શ્રીમતી દર્શના દેવીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે પદનામિત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના પરિવારજનો, ઉચ્ચ સરકારી અધિકારીઓ અને આમંત્રિત મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.